# ધોરણ - ૧૦

## વિષય – ગુજરાતી

## સ્વાધ્યાય

### પાઠ – ૧૫

# બોલીએ ના કાઈ



વિધાર્થીનું નામ :

શાળાનું નામ :





શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

# બોલીએ ના કાંઈ

Page No.
DATE: / /

કવિ : રાજેન્દ્ર શાહ
પ્રકાર : ગીત
સંદર્ભ : 'શ્રુતિ' માંથી

બોલીએ ના કાંઈ,
આપણું હૃદય ખોલીએ ના કંઈ, વેણને રહેવું ચુપ;
નેણ ભરીને જોઈ લે વીરા !
રહેણનાં પાણી ઝીલનારું તે સાગર છે વા કૂપ !
વનવેરાને મારગ વિજન,
સીમ જ્યાં સૂની ગુંજતી કેવળ આપણું ગાયું ગાન;
ગામને આરે હોય બહુ જન,
લખનો મેળો મળિયો રે ત્યાં કોણને કોની તાન ?
માનમાં જવું ઓઝલ, વીરા !
તારલિયો અંધાર કે આછી રણની દારુણ ધુપ !
આપણી વ્યથા,
અવરને મન રમની કથા, ઈતર ના કંઈ થાય.
જીરવી એને જાણીએ, વીરા !
પ્રાણમાં જલન હોય ને તોયે ધારીએ શીતલ રૂપ !
('શ્રુતિ' માંથી)

## શબ્દ સમજૂતી

વેણ - વચન, બોલ
વીરા - ભાઈ (બેન ભાઈને વીરો કહે છે)
નેણ - નયન, નેત્ર, લોચન
વા - વાયુ, પવન
કૂપ - કૂવો
વ્યથા - શારીરિક તેમજ માનસિક દુ:ખ, પીડા
ઈતર - બીજું, અન્ય
તારલિયો અંધાર - માત્ર તારાનો જ પ્રકાશ ધરાવતો હોય તેવો અંધકાર

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

વિજન - માણસની અવરજવર વિનાનું, વેરાન
આરે - છેડે (અહીં) પાદરે
દારુણ - ભયાનક, વિકરાળ
ધૂપ - તડકો
અવર - બીજું
લખનો મેળો - લાખો માણસોનો સમૂહ (અહીં) ટોળું

## વિરુદ્ધાર્થી શબ્દો

શીતળ x ઉકળ
જલન x ઠંડક
ધૂપ x છાયા
અંધારું x અજવાળું

## સ્વાધ્યાય

1. 1. કવિ શું કરવાનું કહે છે ?
-> બોલવાની ના પાડે છે.

2. હૃદય ખોલવું એટલે ?
-> પોતાના દિલની વાત બીજાને કહેવી

2. 1) બીજા લોકો શામાંથી આનંદ મેળવે છે ?
-> બીજા લોકો અન્યની વ્યથા ભણવામાંથી આનંદ મેળવે છે.

2) વહેણના પાણીને કોણ ઝીલે છે ?
-> વહેણના પાણીને સાગર ઝીલે છે.

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



3. 1) કવિ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે?

→ કવિ જણાવે છે કે આપણી વ્યથા જાણીને દૂર કરવામાં મદદરૂપ થવામાં કોઈને રસ નથી. એટલે એ વ્યથામાંથી બહાર નીકળવાનો માર્ગ આપણે જ શોધવાનો છે. એ માટેનો સાચો માર્ગ એ છે કે આપણે એ વ્યથાને એકલા જ સહન કરવી. એ અંગે કોઈને ફરિયાદ ન કરવી. હૈયામાં ગમે તેટલી વ્યથાનો અગ્નિ સળગતો હોય, પણ બહારથી શીતળતા રાખવાની છે.

1) 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ માણસને શો જીવનબોધ આપે છે?

'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ માણસને જીવનબોધ આપતાં કહે છે કે જીવનમાં દુઃખ કે સંઘર્ષ તો આવવાનાં જ. એમને માણસે એકલા જ સહન કરવાં, કેમ કે સમાજમાં એવા લોકો હોય છે જેમને માણસની વ્યથા જાણવામાં જ રસ હોય છે એટલે એની આગળ વ્યથા કહેવાથી કોઈ અર્થ સરતો નથી. નિર્જન માર્ગ હોય કે સૂની સીમ હોય, પણ માણસે તો પોતાનું ગાન ગાતાં ચાલવાનું છે. ગામને પાદર લાખો લોકોનો સમૂહ ભેગો થયો હોય ત્યારે સૌ પોતપોતાની ધૂનમાં હોય છે. તારામઢી અંધારી રાત હોય કે રણનો ભયંકર તાપ હોય, અર્થાત્ ગમે તેવી પરિસ્થિતિ હોય માણસે પોતાની વ્યથા એકલા જ સહન કરવાની હોય છે. હૈયામાં દુઃખનો ગમે તેટલો અગ્નિ સળગતો હોય પણ બહારથી તો શીતળતા જ રાખવાની હોય છે.

2) કાવ્યપંક્તિ સમજાવો - "પ્રાણમાં જલન હોય ને તોયે ધારીએ શીતલ રૂપ!"

પ્રસ્તુત પંક્તિ ભાવક-આપણ-ને ઉદ્દેશીને લખાઈ છે. આપણું હૃદય હરેક પળે એકસરખી સ્થિતિમાં હોતું નથી. આપણે બળતરા, દાઝ, ગુસ્સો, ક્રોધ અનુભવીએ છીએ. કવિ કહે છે કે આપણે એ અનુભવના અગ્નિથી સતત દાઝતા હોઈએ તોપણ વિવેક અને સહનશીલતા કેળવીને એનો અણસાર સુદ્ધાં કોઈને આવવા દેવો જોઈએ નહિ. ચંદન જેમ ઘસાય છે તેમ તે સુગંધ આપે છે- આપણે સહેજ પણ મગજ ગુમાવ્યા વિના આપણું કાર્ય કરતાં રહેવાનું છે. આપણાં વાણી તમામ વર્તન વિરોધાભાસી ન હોવાં જોઈએ. આપણા વર્તનમાં માત્ર ને માત્ર શીતળતા-પ્રેમ-ની સરવાણી વહેવી જોઈએ.

Scanned with OKEN Scanner

# HIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર   ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION